## સંક્ષિપ્ત સમાચાર

### બેંક ઓફ ઈન્ડિયાએ વર્ષ 26 માટેનાં નાણાકીય પરિણામો જાહેર કર્યાં

મુંબઈ: બેંક ઓફ ઇન્ડિયાએ નાણાકીય વર્ષ 26 માટે પોતાના નાણાકીય પરિણામો જાહેર કર્યા. નાણાકીય વર્ષ 26માં નિવળ નફો વર્ષ-દર-વર્ષ 14.19%ની વૃદ્ધિ સાથે 10,527 કરોડ રહ્યો. નાણાકીય વર્ષ 26ની ચોથી ત્રિમાસિકમાં નિવળ નફો વર્ષ-દર-વર્ષ 14.85%ની વૃદ્ધિ સાથે 3,016 કરોડ રહ્યો. નાણાકીય વર્ષ 26ની ચોથી ત્રિમાસિકમાં બેંકની આરઓએ અને આરઓઈમાં અનુક્રમે 1.01% અને 16.36%ની વૃદ્ધિ થઈ. નાણાકીય વર્ષ 26માં પરિચાલન નફો 17,049 કરોડ રહ્યો, જ્યારે નાણાકીય વર્ષ 26ની ચોથી ત્રિમાસિકમાં પરિચાલન નફો 5,026 કરોડ રહ્યો. બેંકના વૈશ્વિક વ્યવસાય મિશ્રણમાં વર્ષ-દર-વર્ષ 14.57%ની વૃદ્ધિ થઈ અને તે 16.98 લાખ કરોડ થઈ ગયો. વૈશ્વિક થાપણોમાં વર્ષ-દર-વર્ષ 13.56%ની વૃદ્ધિ રહી અને તે 9.27 લાખ કરોડને પાર કરી ગઈ.

### કે.એસ.કે.પી. વિદ્યાલયની બોર્ડની પરીક્ષાઓમાં ઝળહળતી સિદ્ધિ

સુરત: કે.એસ.કે.પી શાળાનું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૦૦% છે. શાળામાં A1 ગ્રેડ મેળવનાર ૨ વિદ્યાર્થીઓ. A2 ગ્રેડ મેળવનાર ૧૮ વિદ્યાર્થીઓ છે. શાળામાં પ્રથમક્રમે તીર્થ વિરલકુમાર પટેલ અને શાલીન કલ્પેશકુમાર પટેલ બંનેના PR.98.82, દ્વિતિયક્રમે મેઘ રાકેશકુમાર રેશમવાલા PR. 98.33, તૃતીયક્રમે શિવ યોગેશકુમાર તરતિયા PR. 98.18 છે. જ્યારે ધો. ૧૨ સા.પ્રવાહનું પરિણામ ૯૯.૪૪% છે. શાળામાં A1 ગ્રેડ મેળવનાર 10 વિદ્યાર્થીઓ. A2 ગ્રેડ મેળવનાર ૨૮ વિદ્યાર્થીઓ. શાળામાં પ્રથમક્રમ ચેવલી વ્રિષ્ટી વિકાસકુમાર PR.99.9%, દ્વિતીય દેવકુમાર દિલીપભાઈ પટેલ PR. 99.23, તૃતીય: પ્રિન્સ પ્રકાશભાઈ પટેલ PR.99.08 છે. શાળાનું ધો.10નું પરિણામ ૯૭.૦૯% છે. શાળામાં A1 ગ્રેડ મેળવનાર 30 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ મેળવનાર 47 વિદ્યાર્થીઓ છે. જ્યારે પ્રથમક્રમ કેવીન બી. પટેલ PR. 99.67, દ્વિતીય મેઘકુમાર એ. પટેલ PR. 99.56, તૃતીય દેવ યુ. પટેલ PR.99.43 છે. વિદ્યાર્થીઓને શાળાના પ્રમુખ પી.બી.પટેલ, મંત્રી કે.એન.પટેલ, શિક્ષણ સમિતી કન્વીનર ચેલાભાઈ એસ.પટેલ અને સમગ્ર ટ્રસ્ટી, હોદ્દેદાર તથા આચાર્યા રેશ્મા પટેલ સહિત શિક્ષકગણે અભિનંદન આપ્યા હતા.

### વી.ડી. દેસાઈ માધ્યમિક શાળાનું એસએસસીમાં 100 ટકા પરિણામ



સુરત: ભૂલકાં ભવન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી વી. ડી. દેસાઈ (વાડીવાલા) માધ્યમિક શાળાનું વર્ષ ૨૦૨૫-૨૦૨૬ નું એસ.એસ.સી.નું પરિણામ ૧૦૦% આવ્યું છે. ઉપરાંત ગ્લોબલ માધ્યમમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ત્રણ ક્રમે આ શાળાનાં ધૈર્ય સી. પટેલ પ્રથમ ક્રમ 589/600, ધ્યાનમ કે. દેસાઈ દ્વિતીય ક્રમ 588/600, વિશા ડી. પટેલ તૃતીય ક્રમ 587/600, દેવાંશ એફ. પટેલ તૃતીય ક્રમ 587/600 આવ્યા છે. શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ખ્વાજા ગરીબ નવાઝના ઉર્ષ નિમિત્તે સહાયના કાર્યક્રમો યોજાયા



સુરત: સુફી સંત ખ્વાજા ગરીબ નવાઝ અજમેરીના ૮૧૪માં ઉર્ષ નિમિત્તે તા. ૧૦/૦૫/૨૦૨૬ રવિવારે સવારે ૧૧:૦૦ કલાકે ખ્વાજા ગરીબ નવાઝ ઓ.પી.ડી. સેન્ટરમાં 10 વિધવાને સહાય, 10 વિદ્યાર્થીઓને સ્કોલરશિપ, 2 જરૂરિયાતમંદ બહેનોને સિલાઈ મશીન, એકને લારી અને એકને સાયકલની સાથે 90 લોકોને મફત દવા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મેહમાન તરીકે ધર્મેશભાઈ ગામી (ભારતીય ગૌરક્ષા મંચ), ભૂપેન્દ્ર હલવાવાળા (શ્રી સુરતી મોઢ વણિક સાર્વજનિક ટ્રસ્ટ) હાજર રહ્યાં હતા. જ્યારે ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રટરી ફૈયાઝભાઈ ચીડીમાર, હસન ચીડીમાર, બીલાલ ચીડીમાર, શબ્બીર માસ્ટર, રફીકભાઈ, કાદરભાઈ, બકુલ પટેલ, તબસ્સુમ, રોશની, નુસૈબા, અરબીના, અરશીયા, ઝારા, ફજીલા, રફીક કાકા વિગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

### ડો. પંકજ ગાંધીની પ્રતિષ્ઠિત 'કોસ્ટ એકાઉન્ટિંગ ઇન્સ્ટિટ્યૂટ'ની સિલેબસ કમિટીમાં વરણી


સુરત: સુરતના બહુમુખી પ્રતિભા ધરાવતા નિષ્ણાત ડો. પંકજ ગાંધીની વરણી દેશની પ્રતિષ્ઠિત સંસ્થા 'ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા' દ્વારા 'CMA સિલેબસ ૨૦૨૬ રિવ્યુ એડવાઇઝરી ગ્રુપ'માં કરવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૬ માટે તૈયાર થઈ રહેલા નવા CMA અભ્યાસક્રમમાં ડો. પંકજ ગાંધી ફાઈનલ લેવલના ઇલેક્ટિવ પેપર 'કોર્પોરેટ એન્ડ ઇકોનોમિક લોઝ' (Corporate and Economic Laws) ના માળખા અને આધુનિક કાયદાકીય ફેરફારો અંગે પોતાનું વિશેષ માર્ગદર્શન આપશે.

### પંચમ્ ગ્રુપનો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરત: 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા ૩૭૧મો ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ તા.૯મી મેના રવિવારે રંગ ભવન ઓડિટોરિયમ જીવનભારતી કેમ્પસ, નાનપુરા સુરત ખાતે યોજાયો હતો. જેમાં કેતન દેસાઈ રિદ્ધિશકુમાર, આશિષ દારૂવાલા, અનિલ દલાલ, જય વ્યાસ, રીમા શર્મા, હરેશ ભટ્ટી, ધનસુખ શાહ, ડો પારુલ આનંદ,ખાતુન પઠાણ, ગુલામ શેખ, પૂનમ કિશનાની, મનિષ મેહતા, જાબીર કુરેશી અને નરેન્દ્ર પટેલે ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. સંચાલન નરેશ કાપડિયાએ કર્યું હતું.

### વૈષ્ણવ સંગઠનનો દશમો લગ્નોત્સુક પરિચય મેળો યોજાયો



સુરત: વૈષ્ણવ સંગઠન, સુરત-ગુજરાત છેલ્લા દસ વર્ષથી સમસ્ત વૈષ્ણવ સમાજ માટે નવ પરિચય મેળાનું સંચાલન કરી તા. ૩-૫-૨૦૨૬ ને રવિવારે બપારે ૧૨.૩૦ કલાકે તાડવાડી, રાંદેર રોડ ખાતે દશમા (૧૦) પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુંબઈથી અમદાવાદ સુધીના તમામ જિલ્લાઓ સાથે ગોધરા, દાહોદ, આણંદ, રાજપીપળા, માંડવી, બૌઘાન, વ્યારા, સોનગઢ, નવાપુર, નંદરબાર, નિઝામપુર, બુરહાનપુર, નાસિક, વાપી, વલસાડ, ભરૂચ, અંકલેશ્વર, વડોદરા તેમજ એન.આર.આઈ.મળી ૨૫૪ યુવક અને ૧૮૮ યુવતી ઉમેદવારો સાથે વાલીઓએ પણ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. જેમાં વૈષ્ણવ વણિક જ્ઞાતિ ઉપરાંત સોની, ઠક્કર, કંસારા, બ્રાહ્મણ તથા પટેલ જ્ઞાતિનો સમાવેશ હતો. આ ઉપરાંત છૂટાછેડા તથા વિધુરને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. વૈષ્ણવ સંગઠનના મુખ્ય સંચાલક અજયભાઈ દલાલનો મુખ્ય હેતુ સમગ્ર વૈષ્ણવ સમાજને એક કરી વૈષ્ણવ સમાજનું અસ્તિત્વ જાળવી રાખવાનું તથા તેમને મદદ કરવાનો હેતુ છે. હાજર રહેનાર બહેનો ઉમેદવારને પુનાવાલા પરિવાર તરફથી ૩ પીસ ડ્રેસ અને સ્ટેજ ઉપર બોલનારને રોકડ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ભારે ગરમી વચ્ચે મોટા વરાછા વિસ્તારમાં 15 મેએ પાણીકાપ

**મહાદેવ** ચોક ESR M4ની પાઈપલાઈન મરામત કામગીરીને કારણે અનેક વિસ્તારોમાં પાણી નહીં મળે, 16 મેએ ઓછા દબાણથી સપ્લાય મળવાની શક્યતા



**આ વિસ્તારોમાં પાણી પુરવઠા પર અસર થશે**

સુદામા ચોકથી યમુના ચોક વિસ્તાર, સેટેલાઈટ રોડથી લજામણી ચોક વિસ્તાર, ગામતળ વિસ્તાર, હંસ સોસાયટી, અંજની રો-હાઉસ, શબરી ધામ, યમુના દર્શન, વૃંદાવન સોસાયટી, શિવપાર્ક, મારુતિનંદન, સત્યમ રો-હાઉસ, શિવમ રો-હાઉસ, ધર્મનંદન સોસાયટી, આસપાસના અન્ય વિસ્તારો

સુરત: મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા મોટા વરાછા વિસ્તારમાં પાણી પુરવઠા સંબંધિત અગત્યની જાહેરાત કરવામાં આવી છે. શહેરના મોટા વરાછા વિસ્તારમાં સેટેલાઈટ રોડ પાસે આવેલા મહાદેવ ચોક સ્થિત ESR M4 પાણીની ટાંકીના નેટવર્કમાં જરૂરી મરામત અને અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. પાલિકાના જણાવ્યા અનુસાર 500 મી.મી. વ્યાસની ડી.આઈ. પાઈપલાઈનના બેન્ડમાં સર્જાયેલા લીકેજને સુધારવાની કામગીરી સાથે હાલની ડી.આઈ. બાયપાસ નળીકાને એમ.એસ. નળીકામાં બદલવાની કામગીરી કરવામાં આવશે. આ કામગીરીને પગલે તા.15 મે-2026ના રોજ સવારનો નિયમિત પાણી પુરવઠો આપ્યા બાદ જોડાણની કામગીરી શરૂ કરવામાં આવશે, જેના કારણે તે દિવસે સાંજનો પાણી પુરવઠો બંધ રહેશે. ઉપરાંત તા.16 મે-2026ના રોજ પણ પાણી પુરવઠો અંશતઃ અથવા ઓછા દબાણથી મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પાલિકા પ્રશાસને નાગરિકોને આગોતરા જરૂરી જથ્થામાં પાણીનો સંગ્રહ કરી તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી છે. કામગીરી સમય પહેલાં પૂર્ણ થશે તો પાણી પુરવઠો નિયમિત કરવામાં આવશે તેવી પણ હૈયાધારણા આપવામાં આવી છે.

# બળિયાદેવ બાપજીની રથયાત્રામાં ગરમીમાં પણ રાણા સમાજ ઊમટ્યો

**હજારો** શ્રદ્ધાળુઓ ગરમીમાં પણ ઉઘાડા પગે જોડાયા, સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર પાણી, છાશ, લસ્સીનું વિતરણ કરાયું



સુરત: આકરી ગરમીમાં પણ આજે સુરતનો રાણા સમાજ બેગમપુરાથી શરૂ થયેલી બળીયાદેવ બાપજીની રથયાત્રામાં જોડાયો હતો. રથયાત્રા સણીયાહેમાદ ગામ ખાતે પહોંચી હતી. 80 વર્ષ જૂની આ પરંપરાને ભારે ગરમીમાં પણ રાણા સમાજે જીવંત રાખી હતી.

કાળઝાળ ગરમીમાં ડામરના રસ્તા પર ઉઘાડા પગે ચાલીને શ્રદ્ધાળુઓએ બળિયાદેવ બાપજી પ્રત્યેની પોતાની ભક્તિ વ્યક્ત કરી હતી. પદયાત્રીઓને કોઈ તકલીફ ન પડે તે માટે સમગ્ર રૂટ પર સેવાભાવી સંસ્થાઓ અને શ્રદ્ધાળુઓ દ્વારા ઠંડા પાણીની બોટલ, છાશ અને લસ્સીના વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા, જેનો ભક્તોએ લાભ લીધો હતો.

આ ધાર્મિક મહોત્સવમાં ધારાસભ્ય અરવિંદ રાણા, કોર્પોરેટરો દીપ ચલકવાલા, મોહિનીબેન રાઠોડ અને મનિષાબેન મહાત્મા સહિતના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પદયાત્રા જ્યારે સણીયા હેમાદ ગામ સ્થિત બળીયાદેવ બાપજીના મંદિરે પહોંચી, ત્યારે ત્યાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. મંદિરે દર્શન કર્યા બાદ શ્રદ્ધાળુઓએ સામૂહિક રીતે પરંપરાગત 'ઠંડુ ભોજન' આરોગ્યું હતું.

# મનપા કચેરીમાં જ લાઈનમાં લીકેજથી પાણીનો ભારે વેડફાટ

**દીવા** તળે અંધારા જેવો ઘાટ; શહેરમાં પાણી બચતના સંદેશ વચ્ચે મુખ્યાલય બહાર સતત પાણી વહેતું રહેતાં તંત્ર સામે સવાલ



સુરત: મહાનગરપાલિકા શહેરમાં પાણી બચત, સ્વચ્છતા અને સુવિધાસભર વહીવટના દાવા કરતી હોય છે, પરંતુ પાલિકાના મુખ્યાલય 'તાપી ભવન' (મુઘલસરાઈ) ખાતે જ પાણીની લાઈન લીકેજ થતાં દીવા તળે અંધારા જેવી સ્થિતિ સર્જાઈ છે. મુખ્યાલય બહાર લાંબા સમયથી પાણીની લાઈનમાંથી સતત પાણી વહેતું રહેતાં પાણીનો ભારે વેડફાટ થઈ રહ્યો છે, જ્યારે આસપાસના વિસ્તારમાં ગંદકી અને કાદવનું સામ્રાજ્ય જામ્યું છે. પાલિકાના મુખ્ય મથક પર રોજ મોટી સંખ્યામાં નાગરિકો, કર્મચારીઓ અને અરજદારોની અવરજવર રહેતી હોય છે. પરંતુ પાણી લીકેજના કારણે રસ્તા પર સતત પાણી ભરાઈ રહેતાં લોકો માટે અવરજવરમાં મુશ્કેલી ઊભી થઈ રહી છે. અનેક સ્થળે કાદવ અને લીલ જામતાં દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે સ્વચ્છતા અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. છેલ્લા કેટલાક દિવસોથી પાણીની લાઈનમાંથી સતત લીકેજ થઈ રહ્યું છે. છતાં મરામત માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

# રૂપિયા 10 હજાર માટે કળિયુગી પુત્રએ પિતાને ચપ્પુના ઘા ઝીંક્યા

**ઉધનામાં** મોજ-શોખ માટે નાણાંની માંગણી સંતોષાય નહીં અને પુત્ર પિશાચ બન્યો, વૃદ્ધ પિતા લોહીલુહાણ હાલતમાં સિવિલમાં દાખલ

સુરત : સુરતના ઉધના વિસ્તારમાં સંબંધોને લજવતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં મોજ-શોખ અને લક્ઝરી લાઈફ જીવવાના રવાડે ચઢેલા એક નબીરાએ પોતાના જ પિતા પાસે રૂપિયાની માંગણી કરી હતી.

ગરીબ પિતાએ પૈસા આપવાની અસમર્થતા દર્શાવતા ઉશ્કેરાયેલા પુત્રએ પિતા પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. રક્તરંજીત બનેલા પિતાને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે પોલીસે આ મામલે ગુનો નોંધી 'નાલાયક' પુત્રની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ઉધનાના અશોક સમ્રાટ નગરમાં રહેતા 64 વર્ષીય વૃદ્ધ અશોકભાઈ બાબુભાઈ આગળે ભંગારની લારી ચલાવી અત્યંત મહેનતથી પરિવારનું પેટ ભરે છે. ગત તા. 10મીની રાત્રે જ્યારે અશોકભાઈના પત્ની સુરત મહાનગર પાલિકામાં સફાઈ કામદાર તરીકેની પોતાની ફરજ પર ગયા હતા, ત્યારે રાત્રિના સાડા દસના સુમારે તેમનો 25 વર્ષીય પુત્ર ધીરજ ઘરે પહોંચ્યો હતો. ધીરજે પિતા પાસે નવા કપડાં ખરીદવા અને મિત્રો સાથે હરવા-ફરવા માટે રૂપિયા 10,000ની જીદ પકડી હતી. ભંગારની લારી ચલાવતા અશોકભાઈએ પુત્રને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે હાલ તેમની આર્થિક સ્થિતિ સારી નથી અને આટલી મોટી રકમ આપવી શક્ય નથી. પિતાની આ લાચારી સાંભળવાને બદલે ધીરજ પિત્તો ગુમાવી બેઠો હતો. આવેશમાં આવીને તેણે ઘરમાં રહેલું તીક્ષ્ણ ચપ્પુ ઉઠાવ્યું હતું અને પોતાના પિતાના શરીર પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું. હુમલાના પગલે અશોકભાઈ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. બૂમાબૂમ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. બનાવની જાણ થતા ઉધના પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પિતાની હત્યાની કોશિશ કરનાર પુત્ર ધીરજ સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મોજ-મજા માટે પિતાનું લોહી વહેવડાવનાર પુત્રની આ હરકતે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે.

### સાડીના પાર્સલ ભરેલો ટેમ્પો પલટી જતા એકનું મોત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની સોનું મુકુટબિહારી મિશ્રા (27 વર્ષ) હાલમાં ગોડાદરા મહારાણા પ્રતાપનગરમાં મિત્રો સાથે રહેતો હતો. સોનું કાપડ બજારમાં મજૂરી કામ કરીને વતનમાં રહેતા પરિવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે બપોરે સોનું રિંગરોડ મિલેનિયમ કાપડ માર્કેટમાંથી સાડીના પાર્સલનો માલ ભરીને ટેમ્પો ચાલક શ્યામબિહારી મિશ્રા તેમજ પવનકુમાર ગૌતમ સાથે નિયોલ ખાતે પાર્સલના ગોડાઉન પર જતો હતો. દરમિયાન વેડછા પાટિયા પાસે તેમનો ટેમ્પો પલટી ખાઈ ગયો હતો. અકસ્માત સર્જાતા ચાલક ટેમ્પો મુકીને ભાગી ગયો હતો. જેથી અન્ય રાહદારીઓએ 108 એમ્બ્યુલન્સ મારફતે સોનુંને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું. બનાવને પગલે સારોલી પોલીસના સબ ઈન્સ્પેક્ટર એસ.બી નકુમે વધુ તપાસ હાથ ધરી છે.

### રૂપિયાના વરસાદની વિધિના નામે હત્યા કરી લૂંટ કરનાર આરોપી છૂટી ગયો

સુરતઃ કાપોદ્રા હીરાબાગ વિસ્તારમાં રહેતો આરોપી ધર્મેન્દ્રસિંગ ગંગાસિંગ કુરમી પટેલને પોતાનાં બાળકોને ભણાવવા માટે રૂપિયાની જરૂર હોવાથી મૃત્યુ પામનાર મિત્ર રાહુલ સંતોષ તિવારીને એકનાં ડબલ કરવાની વિધી જાણતો હોવાનો ભરોસો આપી સુરતથી રિક્ષામાં બેસાડીને કામરેજ વાવ કોસમાડીનાં શેરડીનાં ખેતરમાં લઈ ગયો હતો અને વિધી કરવાનું નાટક કરી મૃત્યુ પામનાર મિત્રની પાસેનાં રોકડા રૂપિયા ૧,૯૮,૦૦૦ મુકાવી આંખ બંધ કરાવી હત્યા કરી ભાગી છુટ્યો હતો. કામરેજ પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૩૯૭ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી તરફે વકીલ પી ટી રાણાએ સફળ રજુઆત કરતાં કોર્ટે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# ઈંધણ બચાવવા મંત્રી CR પાટીલ, મંત્રી પાનસેરિયાએ કોન્વોય છોડયો

**યુદ્ધ** જેવી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી બંને મંત્રી પાયલોટિંગ અને એસ્કોર્ટ ગાડીઓનો ઉપયોગ નહીં કરે





સુરત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ઈંધણ બચાવવા અને કરકસર કરવા અપીલ કર્યા બાદ હવે સરકારના મંત્રીઓ પણ તેનો અમલ કરવા લાગ્યા છે.

મોદીની અપીલને પગલે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે યુદ્ધ જેવી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેઓ કોઈપણ સરકારી કે ખાનગી કાર્યક્રમોમાં પાયલોટિંગ અથવા એસ્કોર્ટ ગાડીઓનો ઉપયોગ નહીં કરે. આ નિર્ણયનો અમલ આજથી જ શરૂ કરવામાં આવ્યો છે અને તેઓ પોતાના નિર્ધારિત કાર્યક્રમોમાં એસ્કોર્ટ કે પાયલોટ ગાડી વગર જ રવાના થયા હતા. આ સાથે કામરેજના ધારાસભ્ય અને રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ પણ પોતાનો કોન્વોય છોડવાનો નિર્ણય જાહેર કર્યો છે. પાનસેરીયા પણ જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય નહીં થાય ત્યાં સુધી કોન્વોય તેમજ એસ્કોર્ટને સાથે નહીં રાખે. ઉલ્લેખનીય છે કે, બે-બે મંત્રીઓ દ્વારા આ પહેલ કરવામાં આવી પરંતુ હવે રાજ્યના અન્ય મંત્રીઓ આ પહેલને અનુસરે છે કે કેમ? તે જોવું રહ્યું!

### ટેક્સ સિવાય કેવી રીતે આવક વધે?, મ્યુનિ. કમિ.એ કમિટી રચી

સુરત : મનપાનું બજેટ છેલ્લા કેટલાક વર્ષોથી સરકારી ગ્રાન્ટ પર વધુ આધારિત બનતું જઈ રહ્યું છે. આવી સ્થિતિમાં ટેક્સેશન સિવાયની આવકમાં વધારો થાય તે માટે મ્યુનિસિપલ કમિશનર એમ.નાગરાજન દ્વારા ખાસ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીની જવાબદારી ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેર ભૈરવ દેસાઈને સોંપવામાં આવી છે. પાલિકાને ટેક્સ સિવાય અન્ય માધ્યમોથી વધુ આવક કેવી રીતે મળી શકે તેમજ નવા આવક સ્ત્રોત કેવી રીતે વિકસાવી શકાય તે મુદ્દે કમિટી કાર્ય કરશે. કમિટીમાં ભૈરવ દેસાઈ ઉપરાંત બે ડેપ્યુટી ઈજનેર, બે આસિસ્ટન્ટ ઈજનેર, લો ઓફિસર, આસિસ્ટન્ટ મેનેજર, સુપરવાઈઝર, ક્લાર્ક અને ટેકનિકલ આસિસ્ટન્ટ સહિત કુલ 10 કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમ પાલિકાની બિન-કર આવક વધારવા માટે વિવિધ વિકલ્પો પર અભ્યાસ કરશે.

# સુરતના વેપારી સાથે મુંબઈની કંપનીની ૧.૭૭ કરોડની છેતરપિંડી

**પાલના** એલ્યુમિનિયમ પ્રોફાઈલના વેપારી સાથે છેતરપિંડી થતાં મહિધરપુરા પોલીસમાં ગુનો દાખલ

સુરત : સુરતના એલ્યુમિનિયમના વેપારી પાસેથી મુંબઈની કંપનીના બે ડિરેક્ટરોએ કરોડો રૂપિયાનો માલ મંગાવી ૧.૭૭ કરોડની રકમ ન ચૂકવી છેતરપિંડી કરી હોવાની ફરિયાદ મહિધરપુરા પોલીસમાં નોંધાઈ છે.

પાલ આરટીઓ પાસે આવેલી બાગબાન સોસાયટીમાં રહેતા ૪૮ વર્ષીય જયેશભાઈ ધરમશીભાઈ સોજીત્રા રિંગરોડ ફાલસાવાડી સ્થિત ગોલ્ડન પોઈન્ટમાં 'ઈગલ ઈન્સ્ટ્રુઝન પ્રાઈવેટ લિમિટેડ'ના નામે ઓફિસ ધરાવે છે. વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ના સમયગાળા દરમિયાન મુંબઈની 'SCHACH ENGINEERS PRIVATE LIMITED' નામની કંપનીના ડિરેક્ટરો અભિષેક ઓમપ્રકાશ સિંઘ અને શૈલેશ શિવાજી જાદવે મોટી માત્રામાં એલ્યુમિનિયમ પ્રોફાઈલના ઓર્ડર આપી વિશ્વાસ જીત્યો હતો. બાદમાં બાકી નીકળતી રૂપિયા ૧,૭૭,૮૬,૦૦૦ની મોટી રકમ માટે જ્યારે જયેશભાઈએ ઉઘરાણી શરૂ કરી, ત્યારે મુંબઈના ડિરેક્ટરોએ અસલી રૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. વારંવારના વાયદાઓ છતાં નાણાં ન મળતા અને ડિરેક્ટરો દ્વારા ઉદ્ધત વર્તન કરી પેમેન્ટ આપવાની ના પાડી દેતા વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. અંતે, કાયદાનો આશરો લેતા જયેશભાઈએ પોલીસ કમિશનર કચેરી ખાતે આર્થિક ગુના નિવારણ શાખામાં અરજી કરી હતી. ઈકો સેલની લંબાયેલી તપાસના અંતે તથ્યો સામે આવતા મહિધરપુરા પોલીસે મુંબઈના બંને ડિરેક્ટરો વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# પડોશીઓની વૃદ્ધને પતાવી દેવાની, મકાન સળગાવી દેવાની ધમકી

**ગોપીપુરામાં** મોટર પર પાણી પડવા જેવી ક્ષુલ્લક બાબતે વિવાદ ઉગ્ર બન્યો

**રતલામથી** માણસો અને ચંદન ઉર્ફે બંટીને બોલાવીશું કહી દાદાગીરી કરી ધમકી આપી

સુરત : ખપાટીયા ચકલા વિસ્તારમાં રહેતા એક નિવૃત્ત વૃદ્ધને પડોશી પરિવાર અને તેમના સાગરીતો દ્વારા જાનથી મારી નાખવાની તેમજ મકાન સળગાવી દેવાની ખુલ્લેઆમ ધમકી આપવામાં આવી હતી.

ગોપીપુરા ગજ્જર શેરીમાં રહેતા ૬૭ વર્ષીય નિવૃત્ત વિજયભાઈ મહાદેવભાઈ જોષી ગત તા. ૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ પોતાના ઘરે હાજર હતા. સવારના સમયે પડોશમાં રહેતા પ્રદિપસિંહ સિસોદીયા અને તેમનો પરિવાર મોટર સાયકલ પર પાણી પડવા જેવી મામૂલી બાબતે વિજયભાઈ સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. ગાળાગાળી શરૂ થતા સ્થાનિક રહીશોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો. પરંતુ તા. ૩ એપ્રિલના રોજ રાત્રિના સમયે મામલો ફરી બિચક્યો હતો. પ્રદિપસિંહ સિસોદીયા, દેવાંગસિંહ અને અંજુબેન સાથે ભરતસિંહ સોલંકી નામના શખ્સે વિજયભાઈના ઘર પાસે આવી ધાકધમકી આપવાનું શરૂ કર્યું હતું. આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને બૂમો પાડી હતી કે, બહાર નીકળો, તમને પતાવી દઈશું. આટલેથી ન અટકતા આરોપીઓએ રતલામથી માથાભારે માણસો બોલાવવાની તેમજ જરૂર પડે તો ચંદન ઉર્ફે બંટીને બોલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વારંવારની હેરાનગતિથી કંટાળીને નિવૃત્ત વૃદ્ધે પ્રદિપસિંહ રમેશસિંહ સિસોદીયા, દેવાંગસિંહ, અંજુબેન અને ભરતસિંહ સોલંકી વિરુદ્ધ અડાજણ પોલીસ મથકમાં લેખિત ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઉધના, બમરોલી રોડના ભાટિયા કોમ્પ્લેક્સમાં અંશ એન્ટરપ્રાઈઝ દ્વારા કરાયેલા

# 54 દિવસમાં જ ડબલના કૌભાંડમાં ભોગ બનનારાની સંખ્યા 25 થઈ

**દરોડા** વખતે પાંચ રોકાણકારો હાજર હતા, 25 રોકાણકારો સાથે 1.25 કરોડની છેતરપિંડી થયાનું બહાર આવ્યું

**રોકાણ કરાવો અને કમિશન મેળવો તેવી લાલચ પણ આપતા હતા**

આ ઠગ ટોળકીએ લોકોને છેતરવા માટે કમિશનની લાલચ પણ આપી હતી. એટલે કે રોકાણકાર જો બીજા પાંચ આઈડી જોઇન કરાવે તો લેવલ 1 કક્ષાએ તેમને 100 ડોલર કમિશન પેટે આપવાની લાલચ આપવામાં આવતી હતી. આ રીતે રોકાણકાર પોતે તો છેતરાય જ પણ 100 ડોલર કમિશન મેળવવાની લાલચમાં અન્ય લોકોને પણ છેતરપિંડીનો ભોગ બનાવે તેવી ચેઇન સિસ્ટમ ગોઠવી હતી.

સુરતઃ ગણતરીના માત્ર 54 દિવસમાં જ નાણાં બમણાં કરવાની અને રોજનું 1.3 ટકા વ્યાજ આપવાની લાલચે અનેક લોકોને છેતરનારી ટોળકીના બે સાગરીતોની સાઈબર ક્રાઈમની ટીમે ધરપકડ કર્યા બાદ તપાસ આરંભી તો ભોગ બનનારાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. 25 જેટલા રોકાણકારોના આશરે 1.25 કરોડ જેટલી રકમની છેતરપિંડી થયાનું તપાસમાં ખુલ્યું છે.

સાઈબર ક્રાઈમની ટીમે બાતમીના આધારે બે દિવસ પૂર્વે સોશિયો સર્કલ નજીક ઓફિસ નં. 125, ભાટિયા કોમ્પ્લેક્સમાં દરોડો પાડ્યો હતો. જ્યાં અંશ એન્ટરપ્રાઈઝના નામે એમ્બ્રોઈડરીનાં જૂના મશીન વેચવાનું કામ કરતાં નિરજસિંહ ઘનશ્યામસિંહ રાજપૂત (ઉ.વ. 43, રહેઃ લક્ષ્મીનારાયણનગર, પાંડેસરા, મૂળ રહેઃ કમરુદ્દીનપુર ગામ, જિ. જોનપુર, ઉત્તરપ્રદેશ) અને અજયસિંહ ઉમાશંકર રાજપૂત ( ઉ.વ. 44, રહેઃ હેડગેવાર વસાહત, પટેલનગર, ઉધના, મૂળ રહેઃબરબસપુર ગામ, જિ. ભદોહી)ને પકડી પાડ્યા હતા. આ બન્ને B.G. Wealth Sharingના નામે લોકોને રોકાણ કરવાની લાલચ આપી છેતરતાં હતા. પોલીસે ગુનો નોંધ્યો ત્યારે પાંચ રોકાણકારોની જાણકારી હતી. ત્યાર બાદ વધુ 20 રોકાણકારોએ પોલીસને સંપર્ક કરી પોતે પણ છેતરાયા હોવાનું કહ્યું છે. એક રોકાણકારે સરેરાશ 500 ડોલરનું રોકાણ કર્યું હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. એટલે કે 12,500 ડોલર, 1.25 કરોડ રૂપિયાની છેતરપિંડી હોવાનું અત્યારના તબક્કે નક્કી થયું છે.

### કોન્ટ્રાક્ટરે બિલ્ડરની ઓફિસ પચાવી પાડવા ખેલ ખેલ્યો

સુરતઃ બેગમપુરામાં વિરમગામની સ્ટ્રીટ પાસે રહેતા ૩૫ વર્ષીય સાદાબહુસૈન શેખ કન્સ્ટ્રક્શન અને ડેવલપર્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વર્ષ-૨૦૧૭માં તેઓએ પોતાના ઘર પાસે જ 'બાગે-એ-મહેમૂદ' નામનું એપાર્ટમેન્ટ બનાવ્યું હતું. આ પ્રોજેક્ટ દરમિયાન ૪૪ વર્ષીય મોહમ્મદ જાવીદ અબ્દુલકાદર ધોબી ત્યાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતો હતો. બિલ્ડર સાદાબહુસૈનનો વિશ્વાસ હોવાથી એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં આવેલી ઓફિસની ચાવી પણ જાવીદ પાસે જ રહેતી હતી. પરંતુ કોન્ટ્રાક્ટર મોહમ્મદ જાવીદે ઓફિસમાં પડેલા બિલ ચલણ અને કંપનીના લેટરપેડની ચોરી કરી હતી. અને બોગસ પઝેશન લેટર તૈયાર કર્યો હતો. જેમાં સાદાબહુસૈનના નામનાં ખોટાં લખાણો અને સહીઓ કરીને આ કીમતી ઓફિસ પોતાની હોવાનો પુરાવો ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો. સલાબતપુરા પોલીસે આ મામલે ગુનો નોંધી ડોક્યુમેન્ટ્સ કબજે કર્યાં છે.